તાપમાન
મહત્તમ : ૩૨.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૬૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૫ | ૫ સપ્ટેમ્બર, ૨૦૧૬, સોમવાર ; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
5
શુભ

# ત્રાસવાદ અંગે નિર્ણય મેરિટ આધારે થાય : મોદી

## પરસ્પર ભાવનાઓનું સન્માન કરીએ : જિંગપિંગને મોદીનું સૂચન : ચીની પ્રમુખ જિંગપિંગ સાથે મોદીની અડધો કલાક ચર્ચા



નવીદિલ્હી, તા. ૪

જી-૨૦ શિખર બેઠકના ભાગરુપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચિની પ્રમુખ શી જિંગપિંગ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. ભારત અને ચીન વચ્ચે એનએસજી અને સરહદ ઉપર તંગદિલીને લઈને ખેંચતાણની સ્થિતિ છે ત્યારે આ બેઠક યોજાઈ હતી જેમાં જુદા જુદા વિષય ઉપર ચર્ચા થઈ હતી. મોદીએ આ વાતચીત દરમિયાન જિંગપિંગને કેટલાક મુદ્દા ઉપર સ્પષ્ટરીતે કહ્યું હતું. મોદીએ એમ પણ કહ્યં હતું કે, ભારત અને ચીન એક બીજાની ભાવનાઓને ધ્યાનમાં લઈને આગળ વધે તે જરૂરી છે. મોદીએ જિંગપિંગ સાથેની વાતચીતમાં એમ પણ કહ્યું હતું કે, બંને દેશોએ એકબીજાની અપેક્ષાઓને લઈને સંવદેનશીલ રહેવું જોઈએ. અનેક મુદ્દાઓ ઉપર હાલ બંને દેશો વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. મોદીએ આ વાતચીત દરમિયાન એનએસજીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુદ્દે પણ જિંગપિંગે રચનાત્મક જવાબ આપ્યો હતો. મોદીએ ત્રાસવાદનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. મોદીએ પાકિસ્તાન તરફ ઈશારો કરતા કહ્યું હતું કે, ત્રાસવાદ અંગે નિર્ણય મેરિટના આધાર પર થવા જોઈએ. રાજકીય નિયતના આધારે થવા જોઈએ નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે મિડિયા સાથે વાતચીત કરતા મોડેથી વાતચીતના સંદર્ભમાં માહિતી આપી હતી. મોદીએ જિંગપિંગને એમ પણ કહ્યું હતું કે, બંને દેશો એક બીજાનું સન્માન કરે તે જરૂરી છે. ભાગીદારી

● અનુસંધાન પાન-૭ પર

### મદર ટેરેસાને સંતનો દરજ્જો અપાયો

કોલકાતા, તા. ૪

વેટિકન શહેરમાં આજે પોપ ફ્રાન્સિસે મદર ટેરેસાને સંતની ઉપાધી આપી દીધી હતી. ગરીબો અને નિસહાય લોકો માટે જીવન સમર્પિત કરી દેનાર નન મદર ટેરેસાને સંતની ઉપાધી આપવામાં આવશે. દેશભરમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. પોપ ફ્રાન્સિસ કેથોલિક ખ્રિસ્તી સમુદાયના સૌથી મોટા ધર્મગુરુ છે.




# કાશ્મીરમાં શાંતિના પ્રયાસોમાં અલગતાવાદીઓનો અવરોધ

## પ્રતિનિધિમંડળ સભ્યને મળવા અલગતાવાદીએ કરેલો ઇન્કાર
## ચાર સાંસદો મળવા માટે પહોંચી ગયા : વાતચીતનો પણ ઇન્કાર

શ્રીનગર, તા.૪

અલગતાવાદી લીડરોએ આજે ખુબ જ વિચિત્ર વલણ અપનાવ્યું હતું અને સર્વપક્ષીય પ્રતિનિધિમંડળના પાંચ સભ્યોના મળવાના પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો હતો. કારણ કે તેઓએ તેમની સાથે વાત કરવાનો ઈન્કાર કર્યો હતો. સઈદ અલીશા ગિલાનીએ તેમને મળવાનો પણ ઈન્કાર કર્યો હતો. ચાર સાંસદ સીપીએમના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરી, સીપીઆઈએમના નેતા ડી રાજા, જેડીયુના નેતા શરદ યાદવ, આરજેડીના જયપ્રકાશ નારાયણ ગ્રુપથી અલગ પડીને ગિલાનીને મળવા માટે તેમના આવાસ ઉપર પહોંચ્યા હતા જ્યાં તેઓ છેલ્લા ૬૦ દિવસથી નજરકેદ હેઠળ છે. તેઓએ નિવાસસ્થાનની બહાર સ્લોગન સાથે પહોંચ્યા હતા. તેમના માટે પ્રવેશ દ્વાર પણ ખોલવામાં આવ્યા ન હતા. બારીમાંથી તેમને જોઈ લીધા હતા પરંતુ સંસદ સભ્યોને

● અનુસંધાન પાન-૭ પર




### આર્થિક સ્થિતિ અંગે શ્વેત પત્ર બહાર પાડો : ચિદમ્બરમ

નવીદિલ્હી, તા. ૪

ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકાર ફેંકીને દેશની આર્થિક સ્થિતિ અંગે શ્વેતપત્ર લાવવા માટે અપીલ કરી છે. નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં પોતાની સરકારના પ્રથમ બજેટને રજૂ કરતા પહેલા શ્વેત પત્ર લાવવાની વિચારણા હાથ ધરી હતી. કોંગ્રેસી નેતા અને રાજ્યસભાના સભ્ય ચિદમ્બરમે ટ્વિટર પર કહ્યું છે કે, સરકારને ૨૦૧૪-૧૫ના આર્થિક સર્વેને પરત લેતા પહેલા શ્વેતપત્ર જારી કરવાની જરૂર છે. આરબીઆઈની વર્ષ ૨૦૧૪-૧૫ની વાર્ષિક રિપોર્ટ અને સીએસઓ રિપોર્ટને પણ પરત લેવાની જરૂર છે. મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, તેમની સરકાર પ્રથમ બજેટ રજૂ કરતા પહેલા શ્વેતપત્ર લાવવા ઈચ્છુક હતા.







